Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—ચૈત્ર–વૈશાખ—

પુસ્તક ૭૬ મું
અંક ૬-૭
૭૫ મી સાલ

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઈ. સ. ૧૯૬૦

जहा दवग्गी पउरिंधणे वणे,
समारुओ नोवसमं उवेइ ।
एविन्दियग्गी वि पगामभोइणो,
न बंभयारिस्स हियाय कस्सई ॥

જેમાં સૂકાં ઇંધણા એકઠાં કરવામાં આવેલાં છે એવા વનમાં દાવાનળ સળગે અને સાથેસાથે તેજ વખતે જોરદાર પવન ફુંકાવો શરૂ થયો હોય તો પછી, એ દાવાનળ જેમ જલ્દી ન બૂઝાય એ જ પ્રકારે જે બ્રહ્મચારી ભિક્ષુ ઠાંસી–ઠાંસીને ભોજન અને પીણાંનો ઉપયોગ કરે છે તેનો ઇંદ્રિય–દાવાનળ જલ્દી બૂઝાતો નથી પણ ઊલટો વૃદ્ધિ પામે છે અને તે તેના હિત માટે નથી, કારણ કે છેવટે તો એ દાવાનળ તેનાં સંયમ, સાધના વિગેરેને બાળીને ખાખ કરી નાખે છે.

देवदाणवगन्धव्वा,
जक्खरक्खसकिन्नरा ।
बंभयारिं नमंसन्ति,
दुक्करं जे करेन्ति तं ॥

દુષ્કર બ્રહ્મચર્યની સાધના માટે જેઓ સતત સાવધાન છે એવા બ્રહ્મચારીઓને દેવો, દાનવો, ગાંધર્વો, યક્ષો, રાક્ષસો અને કિન્નરો–એ બધાય નમસ્કાર કરે છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૬ મું :: વાર્ષિક લવાજમ રૂ-૪-૦ પોસ્ટેજ સહિત

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અજિતનાથજિન સ્તવન | (મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી) | ૬૫ |
| ૨ | શ્રી મહાવીરજિન સ્તુતિ | (સંપા. મોહનલાલ ગિરધરલાલ) | ૬૬ |
| ૩ | ,, ,, | (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) | ૬૬ |
| ૪ | શ્રી નવપદજીનું સ્તવન | (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) | ૬૭ |
| ૫ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : ૨૬ | (સ્વ. મૌક્તિક) | ૬૮ |
| ૬ | મહાયાત્રાનો પ્રારંભ | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૭૨ |
| ૭ | નમસ્કારમહામંત્ર-મૌક્તિકમાળા (૪) | (પં.શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) | ૭૫ |
| ૮ | શ્રેયસ અને પ્રેયસ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૭૭ |
| ૯ | તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો : ૪ | (હીરાલાલ ર. કાપડિયા M. A.) | ૭૯ |


### સંયુક્ત અંક

આ અંક ચૈત્ર-વૈશાખના સંયુક્ત અંક તરીકે પ્રસિદ્ધ થાય છે. એ પછીનો જેઠ માસનો અંક ૨૫ મી મેએ વૈશાખ વદ ૦)) ને બુધવારના રોજ બહાર પડશે તેની ગ્રાહક બંધુઓને નોંધ લેવા વિજ્ઞપ્તિ છે.

નવપદારાધન માટે અતિ ઉપયોગી — સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠઆના લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના. લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૬ મું<br>અંક ૬-૭ | ચૈત્ર–વૈશાખ | વીર સં. ૨૪૮૬<br>વિ. સં. ૨૦૧૬ |
| --- | --- | --- |

## શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ–એક દિન પુંડરીક ગણધરુ રે લાલ)

અજિત જિણંદ અજિત હુવા રે લાલ, જિતશત્રુ રાજાનો નંદ ભયહારી રે;
વિજયા માતાનો લાડકો રે લાલ, હુવો જગદાનંદ શિવકારી રે. અજિત૦ ૧

તુજ પદપંકજે મોહિયો રે લાલ, મુજ મનભૃંગ રસાળ શિવકારી રે;
દિનરાતડી ફરું શોધતો રે લાલ, ગુણગણરત્ન વિશાળ શિવકારી રે. અજિત૦ ૨

વેષ રચી બહુ નવનવા રે લાલ, નાચ્યો ઇણ સંસાર ભયહારી રે:
હવે તુમ શરણે આવીયો રે લાલ, કરજો મુજ વર સાર જયકારી રે. અજિત૦ ૩

આજ નયન મારા ઠર્યાં રે લાલ, દીઠા અજિત જિણંદ જયકારી રે;
કદિ ન થાઉં હવે વેગળો રે લાલ, એ મુજ ટેક અમંદ જયકારી રે. અજિત૦ ૪

હું નિર્ગુણ પણ તાહરો રે લાલ, સેવક છું હવે સાચ જયકારી રે;
તારો પ્રેમ–જંબૂસૂરિ રે લાલ, દેઈ નિત્યાનંદ સાચ જયકારી રે. અજિત૦ ૫

—મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિ ઋષભદાસકૃત

# શ્રી મહાવીર જિનસ્તુતિ

દુહા

વીરજિણંદ ચોવીસમા, ત્રિસલા જેની માય, ભૂપ પિતા ભગવંતનો, નર સિદ્ધારથ રાય. ૧
સિદ્ધારથ કુલ ઉપનો, વર્ધમાન જેહનો નામ, તે જિનવરના ગુણ સ્તવું, પ્રેમે કરું પ્રણામ. ૨
આઠે મદ જેણે જીતીયા, ટાલ્યા દોષ અઢાર, સકલ પાપ પર લે કરી, હણી કખાયે ચાર. ૩
અનિત્ય ભાવના ભાવતા,સ્વામી લીએ કેવળજ્ઞાન,તે જિનવર સમરો સદા,સોય ધરું નિત્ય ધ્યાન. ૪
અતિશય ચોત્રીશ જિનતણા, રંગ દિયે ઉપદેશ, વૈરવિરોધ સબ ટાળીયા, ટાલ્યા સકલ કલેશ. ૫
પંચમહાવ્રતનો ધણી, વાણી ગુણ પાંત્રીસ, સમવસરણ બેઠા પ્રભુ, જગત નમાવે શીષ. ૬
તે જિનવરને સમરીયે, આદિ દેવ અરિહંત, સૂક્ષ્મબાદર જીવને, ન હણે તું ભગવંત. ૭
મૃષા મુખ બોલે નહીં, વચન વદે અતિ ખાસ, તું સ્વામિ બંધવ, પિતા તું ઠાકોર હું દાસ. ૮
મણિ મુક્તાફલ દેખીને, ન ચલે સ્વામિ મન, કંચન પત્થર સમ ગણે, તું જિનવર ધન ધન. ૯
સ્ત્રીસંગથી વેગળા, જેણે વશ કીધો કામ, તે પરમેસર દેવતા, તેના લીજે નામ. ૧૦
ધન કંચન ધન માય પર, મૂર્છા નહીં ભગવંત, તે જિનવર સેવું સદા, જિમ લહું ગુણ અનંત. ૧૧
સંવરતા રાગ ધરે નહીં, દુહવ્યા ન ધરે દ્વેષ, ક્રોધ માન માયા નહીં, લોભ નહીં તસ રેખ. ૧૨
મોહમત્સર નહીં વીરને, નહીં પર નિંદા ઢાલ, પરના મરમ મુખ નવિ કહે, કેહને નદીએ ગાળ. ૧૩
હાસ્ય વિનોદ ક્રીડા નહીં, નહીં ભય નહિ અજ્ઞાન, નિદ્રા નહીં મહાવીરને,સ્વામી નિર્મળ જ્ઞાન. ૧૪
વીર દુગંછા નવિ કરે, ન કરે શોક સંતાપ, તે જિનવરને ધ્યાવતાં, જાય પૂરવના પાપ. ૧૫
જિણે પંચેંદ્રિ વશ કર્યાં, ટાલ્યા આઠે કર્મ, ભવિકજીવને પ્રતિબોધવા, દીપાયો જિન ધર્મ. ૧૬
સંયમ ચોખો પાલીયો, નિરમલ ગંગા નીર, સકલ પાપને ક્ષય કરી, મોક્ષ ગયા મહાવીર. ૧૭
અરિહંત દેવ જે સિદ્ધ થયા, તેના લીજે નામ, ઋષભદાસ ચરણે નમે, સંઘની પૂરે દામ. ૧૮

કવિત

વંદું વીર જિણંદ, મહીયલ જિણે મેરુ નચાયો, હરી સમજાવ્યો સાચ, દેવ જિણે પાય લગાયો;
શૂલપાણી સમઝેય, નાગગતિ સુરની સારી, ચંદનબાલા જેહ, લેઇ બાકુલા તારી.
ઉદાઇ અર્જુન અનેક નર, ગૌતમ મેઘકુમાર, ઋષભ કહે વીરવચનથી, બહુ જન પામ્યા પાર. ॥૧॥*

---

* ગિરધરભાઇ હેમચંદ હસ્તલખેલ પ્રાચીન પુસ્તક સાચવનાર અમૃતલાલ પાસેથી મેળવી પાટણનિવાસી જિનગુણગાયક(ભોજક) મોહનલાલે લખેલ છે.

# મહાવીર જિનસ્તુતિ

જસ જનમસમય અમરવર કરત નમન, ગહન નરકદમન કરત ચમનં;
સકલ જન તરન દરષત ધરમ, નમન કરત હમ અરહત ચરમ ૧
અરહત ચલત જબ અમરવર રચત કમલદલ, કનકકમલપર દરત અરહત પયતલ;
અઠવર સહચર રહત સમપદર, કરત નમન હમ સરવ અરહત વર. ૨
ચરમ અરહતવર વચન રસ વરસત, વર જન ધરત રસ વરપદ વરત;
વચન વર અરહત ભવભય હરત, કરન ભવહરન નમન હમ કરત. ૨
ગજ પખ કરત રખણ ધરત શરણ, ચરમ અરહત ભવભયહરણ;
કરત અરજ હમ મનહર તનય, પકડ કરકમલ હર મમ ભવભય. ૪

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનું સ્તવન

卐

( વીર જિણંદ જગત ઉપકારી મિથ્યા ધામ નીવારીજી—એ રાગ )

ઓળી નવપદ પામ્યા પુન્યે, વિધિ સહિત આરાધોજી;
નવ આયંબિલ પ્રીતે કરીને, વેગે શિવસુખ સાધોજી. ૧

અરિહંત સિદ્ધ અને આચારજ, વાચક સાધુ જાણજી;
દર્શન જ્ઞાન ચારિત્ર તપ, અનેક મુક્તિનાં ધામજી. ૨

અઠ્ઠાઇ જેહ શાશ્વતી જાણી, પૂજા ભણાવો હંમેશજી;
સ્નાત્ર વિધિ સહિત કરીને, પ્રમાદ ન રાખો લેશજી. ૩

આઠ દિવસ ચોસઠ પ્રકારી, નવમે દિન નવપદજી;
જેમ શ્રીપાળ પામ્યા તેમ પામો, નિશ્ચય ઉત્તમ પદજી. ૪

એકધાન આંબેલ વિધિથી, નવ દિન નવ પ્રકારજી;
સ્વસ્તિક કાઉસગ્ગ પ્રદક્ષિણા, દેવવંદન ત્રણ વારજી. ૫

ફળ નૈવેદ્ય પદ ગુણ પ્રમાણે, ખમાસમણની સાથેજી;
સાતે ક્ષેત્રે નિજ શક્તિજોગે, વાપરો વિત્ત નિજ હાથેજી. ૬

દોય ટંક પ્રતિક્રમણ કરવું, પડિલેહણ દોય વારજી;
નવકારવાળી વીશ ગણતાં, પામે ભવનો પારજી. ૭

નવપદ મહિમા તરીકે સુણો, જેહ શ્રીપાળનો રાસજી;
અષ્ટ સિદ્ધિ નવનિધિ પામે, રોગ દુઃખ થાય નાશજી. ૮

બે હજાર સોળની સાલે, થયાં બહુ શુભ કામજી;
સાતે ક્ષેત્રે સુપાત્રે ખરચ્યા, શ્રાવકે અધિકા દામજી. ૯

દેવી ચક્રેશ્વરી ને વિમળેશ્વર, સહાય કરશે ખાસજી;
બુદ્ધિ વૃદ્ધિ ધર્મ ભક્તિ પસાયે, ભણે કંચનનો દાસજી. ૧૦

—મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૨૬

### ત્રિપૃષ્ઠ સ્વયંપ્રભાના લગ્ન :—

જ્વલનજટી વિદ્યાધરની પ્રવૃત્તિ એક વાત હાથમાં લીધા પછી એ કામને પૂરું કરવાની હતી. એણે પોતાના મારિચિ નામના દૂતને સર્વ હકીકત સમજાવીને તેને પ્રજાપતિ રાજા તરફ મોકલ્યો. અનેક નીતિના જાણનાર, અગત્યની સર્વ હકીકતથી વાકેફગાર, વખત પ્રમાણે વાણી ઉચ્ચારનાર દૂત તે યુગમાં અગત્યનો રાજદ્વારી અમલદાર ગણાતો. એને જરુર પડે તો કડવું બોલતાં પણ આવડે અને મીઠાશનો ઉપયોગ કરવાનો હોય ત્યાં તે ભારોભાર સાકરના કોથળા વાપરી નાખે એવી એનામાં આવડત હોય. એના શરીરને પવિત્ર ગણવામાં આવતું. એટલે સામા રાજાને એ ગમે તેમ ફટકારી શકતો, પણ જ્યારે વાણીથી કામ સાધવું હોય ત્યારે તો ભારે સરસ કામ આપતો. એનો ભાષા પરનો અજબ કાબૂ અને એની વાત કરવાની રીતથી મોટા મોટા ભૂપો પણ ભોળવાઈ જતા અને એની હાજરજવાબી એને હંમેશા ઘણો લાભ કરાવી આપતી. આવા ગુણોથી યુક્ત સ્વકાર્યમાં કુશળ મારિચિ નામના દૂતને સ્વયંપ્રભા પુત્રીના પાણિગ્રહણની દરખાસ્ત સાથે પોતનપુર મોકલ્યો. વિદ્યાધરના દૂતના આગમન સમાચાર જાણી પ્રજાપતિ રાજાને આશ્ચર્ય થયું, કારણ કે સાધારણ રીતે પર્વતનિવાસી વિદ્યાધરો સાથે જમીન પર રહેનાર મનુષ્યોનો પરિચય ઘણો ઓછો રહેતો અને પોતાનું રાજ્ય પ્રમાણમાં નાનું ગણાય છતાં દક્ષિણ શ્રેણીનો મુખ્ય વિદ્યાધર પોતાની પુત્રીને આપવા ઇચ્છા બતાવે એ હકીકતે એના ગૌરવમાં વધારો થાય છે, એમ એને લાગ્યું. પોતે મુકુટબદ્ધ રાજા હતો, પણ પોતાના કરતાં અનેક મોટા રાજ્યો હોવા છતાં જ્વલનજટી જમીન પર આવ્યો, પર્વત પરની વિદ્યાધરની શ્રેણીમાંથી નીચે ઉતર્યો અને પોતાના પુત્રની પસંદગી કરી એ વાત એને ખૂબ આનંદદાયક અને અભિમાન કરાવે તેવી લાગી. ત્રિપૃષ્ઠ તો લશ્કરી સ્વભાવનો અને ઉદારચિત્ત હતો. એને પિતાએ પૂછાવ્યું એટલે એણે તો રમતમાત્રમાં અનુમતિ આપી દીધી. રાજા પ્રજાપતિએ પોતાના સલાહકારોની સાથે મંત્રણા કરી. એને આ નવા સંબંધને પરિણામે મહારાજા અશ્વગ્રીવ સાથે વિગ્રહની સંભાવના લાગી, પણ સલાહકારોએ વિચારણામાં જણાવ્યું કે પોતાને મળતા રાજાઓનું એક મોટું જૂથ છે અને સર્વની સહાયથી અને પુત્રોના બળથી લડાઈ થઈ આવશે તો પણ જોયું જશે. તેમણે વિદ્યાધર શ્રેણીના જ્વલનજટીના આખા પક્ષની પોતાની બાજુએ રહી લડાઈમાં ભાગ લેવાની પણ ગણતરી કરી લીધી. અનેક બાબતની શક્યતા અને બળાબળની તુલના કરી અને અંતે પોતાના પક્ષના એકમતે ત્રિપૃષ્ઠ-સ્વયંપ્રભાના વિવાહ માટે સંમતિ આપી.

જ્વલનજટી ભારે ચીવટવાળો અને દૃઢનિશ્ચયી વિદ્યાધરપતિ હતો. એના મનમાં ઊંડાણમાં અશ્વગ્રીવ માટે શંકા તો હતી જ, પણ એની દરકાર કર્યા વગર જેવો દૂત પોતનપુરથી પાછો આવ્યો કે તુરત જ એણે પુત્રીને લઈને પાણિગ્રહણ કરાવવા માટે પોતનપુર તરફ પ્રયાણ કર્યું. સાથે જરુરી માણસો લીધાં. સાધારણ રીતે પુત્રીના પિતાને ઘેર અથવા ગામમાં લગ્ન થાય છે તેવો તે કાળમાં પણ રિવાજ હતો, પણ એ રિવાજની એણે દરકાર ન કરી. પોતાની સાથે એણે વિદ્યાધરો, સામંતો અને થોડા બલવાહનો લીધાં અને પોતે કોઈપણ જાતની ખબર આપ્યા વગર પોતનપુર તરફ પ્રયાણ કર્યું. તે કાળમાં સમાચાર–સાધનો ઘણાં અલ્પ હતાં અને જ્વલનજટીને ખબર આપવાની જરુર પણ નહોતી લાગી એટલે જ્યારે એણે પોતનપુરને પાદરે પડાવ નાખ્યો ત્યારે પ્રજાપતિ રાજાને એના આગમનની ખબર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી એના સાથે વાહનો અને સ્ત્રીવર્ગ મોટી સંખ્યામાં છે એમ જણાતાં એના દૂત ચંડવેગે થોડા વખત પહેલાં કરેલી પુત્રીસંબંધની માગણી તેને યાદ આવી. એણે તુરત જ જ્વલનજટીના સત્કારનો બંદોબસ્ત કરી દીધો. એના ઉતારા અને સગવડનો બંદોબસ્ત કરવાના હુકમો આપી રાજા પ્રજાપતિએ એનું સામૈયું કર્યું. બંને હાથી ઉપર બિરાજમાન થયા, બંનેના સૈન્યનો ભારે દેખાવ થયો. ભવિષ્યના બંને વેવાઇઓ આનંદથી પરસ્પર મળ્યા, બોલ્યા અને સાથે બેઠા. સારા ઉતારામાં જ્વલનજટીને નિવાસસ્થાન આપ્યું. પર્વત પરના લોકો ખૂબ રૂપાળા હોય છે, શરીરમાં મજબૂત હોય છે અને બોલવામાં વિવેકી હોય છે. તેમની આવડી મોટી સંખ્યા પોતનપુરમાં કદી આવેલી નહિ એટલે લોકોને પણ ભારે કૌતુક થયું. પ્રજાપતિ રાજાએ પણ આ વિદ્યાધરોનો સત્કાર અને આતિથ્ય કરવામાં મણા રાખી નહિ. દરેકના ઉતારાની સગવડ, સૂવા બેસવાની સગવડ અને વાહન વાસણ વિગેરેની પૂરતી સગવડ ઉપરાંત અંગત સગવડ માટે ખાસ તકેદારી રાખવામાં આવી અને જ્વલનજટી વિદ્યાધરપતિને પણ રાજા પ્રજાપતિ માટે સારું માન ઉત્પન્ન થયું.

વિદ્યાધરો વિજ્ઞાન અને આવડતના બળે ઘણું કામ કરી શકે છે. એમણે નાના પાયા ઉપર પણ સુગઠિત નાનકડું નગર વસાવી દીધું, લોકોના ટોળેટોળાં વિદ્યાધરોને જોવા જાય, તેમના રૂપ-લાવણ્ય અને સભ્યતાના વખાણ કરે. પ્રજાપતિ અને જ્વલનજટીએ જોશીઓને બોલાવી તુરતમાં જ લગ્નની તિથિ અને સમય નક્કી કરી દીધાં. પછી વર-કન્યાનાં વિવાહમંડપોની રચના ચાલુ થઇ ગઇ. ઘણાં સુંદર માંડવાઓ નંખાયા, આખા શહેરમાં લોકોએ પણ ખૂબ ઉત્સાહથી પોતાનાં ઘરો ઉજ્વળ્યા, રંગાવ્યા અને રસ્તાઓ ઉપર સુગંધી જળના છાંટણા કરવામાં આવ્યા. આખા નગરમાં જ્યાં જુઓ ત્યાં લગ્નની વાત, લગ્નની તૈયારીઓ અને ધમાલ ચાલુ થઇ ગઇ અને સારે નસીબે કુદરતની પણ અનુકૂળતા ચાલુ રહી, સાત દિવસમાં પોતનપુર નગરમાં એક મરણુ થયું નહિ અને જાણે જીવનમાં લગ્નકાર્ય જ માત્ર એક કર્તવ્ય હોય તેમ કોઇ કપડાં તૈયાર કરવામાં, તો કોઇ આંગણામાં રંગોળી પૂરવામાં, તો કોઇ ખાવાપીવાના બંદોબસ્ત કરવામાં પડી ગયા. લગ્ન વસંતપંચમીના લેવાણાં હતાં, મધ્યમસરની ઠંડી પડતી હતી. જ્વલનજટીના નિવાસસ્થાનની બાજુએ અનેક મંડપો રચાઈ ગયા હતાં અને મુખ્ય લગ્નમંડપ તો અદ્ભુત બની ગયો. સાત દિવસ સુધી લગ્નની તૈયારીની ધમાલ ચાલી. લોકોને રાજ્ય તરફથી ખાવાની ગોઠવણ થઈ ગઈ, મેવા મીઠાઇના ઢગલા થવા માંડ્યા અને ઢોલ-ઢોમ ઢોલ, શરણાઇ, નગારા અને અનેક જાતના વાજિંત્રોના અવાજ થવા લાગ્યા અને આખા નગરમાં અને જ્વલનજટીના નિવાસસ્થાનમાં લગ્નની સગવડો અને વાતો મોડી રાત સુધી ચાલુ રહી. વિદ્યાધરોએ ભૂનિવાસીના લગ્ન રિવાજો અને રીતિઓ જોયેલા નહિ, અને તેમની આખી પદ્ધતિ જુદી હોવાથી તેમને પણ ખૂબ કૌતુક થયું. લગ્ન જ્વલનજટીના નિવાસસ્થાન પર ઉતારા સામે નખાયેલા મુખ્ય વિવાહ મંડપમાં થવાના હતાં, પણ તેનો વિધિ ભૂનિવાસીના રીતરિવાજ પ્રમાણે થવાનો નિર્ણય વેવાઈઓએ કરી લીધો હતો. લગ્નને દિવસે અતિ ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો. કુળસ્ત્રીઓએ ગીતો ગાયાં, અશ્વ પર જ્યારે ત્રિપૃષ્ઠ બેઠો ત્યારે એ ઇન્દ્રની જેવો શોભી રહ્યો. ચામર વીંઝાતે, છડી પોકારાતે વરઘોડો જ્યારે મુખ્ય લતાઓમાં અને ભરબજારમાં નીકળ્યો ત્યારે પોતનપુરના લોકો પણ ખૂબ નવાઈ પામ્યા, ખુદ પોતનપુરમાં આવડો સારો મોટો વરઘોડો નીકળેલો તેઓની યાદમાં નહોતો. એ વરઘોડો જોવા વિદ્યાધરો પણ રસ્તાની બંને બાજુએ ગોઠવાઇ ગયા અને પોતનપુરના નાગરિકોની સુવ્યવસ્થા અને રાજાનો વૈભવ જોઈ રાજી થયા. વરઘોડો ભવ્ય લગ્નમંડપ પાસે આવી પહોંચ્યો. વરરાજા હાથી પરથી ઉતર્યા, પણ હાથમાં શ્રીફળ અને લગ્નપત્રિકાનું આમંત્રણ કાયમ હતું.

For Private And Personal Use Only

વરરાજા વિવાહ મંડપે પહોંચ્યા એટલે તેના પોંખણા કરવામાં આવ્યા. એની પડખે ઈંડીઆ પીંડીઆ ફેંકવામાં આવ્યા અને એણે અગ્નિમય સંપુટ પગતળે દાબી દીધો અને બરાબર નિયત કરેલા વખતે જ્યારે લગ્નમંડપમાં બેઠા અને એમના જમણા હાથ પર સ્વયંપ્રભાને બેસાડવામાં આવી ત્યારે બંનેના તેજથી ભવ્ય દેખાવ થઇ ગયો, જાણે વિધાતાએ સરખેસરખી જોડીનો યોગ મેળવી આપ્યો હોય એવી સર્વના મુખમાંથી આશીર્વાદની વાણી નીકળી ગઇ, ત્યાં ઝાલરનો નાદ થયો. અક્ષરસમયના ધ્વનિ નીકળ્યા અને યોગ્ય સમયે બંનેનો હસ્ત-મેળાપ થયો અને ચોરી બંધાણી, ફેરા ફરવામાં આવ્યા, સપ્તપદી થઈ ગઇ અને અગ્નિની શાખે લગ્ન થયા, મંડપની વચ્ચે અગ્નિકુંડમાં આહુતિઓ અપાઇ અને ભવ્ય તોરણોની નીચે સોનાની ચોરીમાં ત્રિપૃષ્ઠ અને સ્વયંપ્રભાના લગ્ન થયા ત્યારે તેને દેખવા-વાળા અતિ આનંદ પામ્યા. જ્વલનજટીએ કન્યાદાન દીધું, ભૂનિવાસી માણસોના રિવાજ પ્રમાણે પુત્રીને સારો દાયજો કર્યો અને બંને વેવાઇઓ પરસ્પર ખૂબ પ્રેમથી ભેટ્યા અને જાણે સંતતિ પ્રત્યેની પોતાની વ્યાવહારિક ફરજ બજાવતાં પર્વતનિવાસી અને ભૂનિવાસી વચ્ચે નવો સંબંધ મજબૂત કરતાં હોય તેમ એકબીજાની ખૂબ નજીક આવ્યા. લગ્નના આખા પ્રસંગમાં બૈરાઓના આનંદનો તો કાંઈ પાર નહોતો, પર્વત પરની વિદ્યાધરીઓના આશ્ચર્યનો પાર નહોતો. એમને તો લગ્નની દરેક રીતમાં નવાઈ લાગતી. આ સંપુટ શા અને પેલા તોરણો શા? આ બાજોઠ શા અને પેલી ચોરીના વાંસડા શા? આ લગનવેદી શી અને આ સુતરની વરમાળા શી? આ ગુલાલ શા અને વાંસામાં કંકુના થાપા શા? એમને તો ચાંદલા, ચોરી, માતૃસ્થાપના વગેરે અનેક બાબતોમાં નવાઈ, નૂતનતા અને શિક્ષણિયતા લાગ્યા અને કોઇ વૃદ્ધો કે અભ્યાસીઓ દરેકની અંદર રહેલો ભાવાર્થ સમજાવે ત્યારે તેઓ નિર્દોષ હાસ્ય કરે અને રાજી થાય.

વિદ્યાધરો બહુ ચાલાક અને અભ્યાસી હોય છે. તેમને નવું જાણવાની જિજ્ઞાસા ખૂબ હોય છે અને પોતે વૈજ્ઞાનિક અને પ્રવીણ હોઇ રહસ્ય કે અર્થ તુરત ઝીલી શકે છે. હસ્તમેળાપ થઈ ગયો. ચોરી પૂર્ણ થઇ, અષ્ટપદી પૂરી થઈ અને ચાર ફેરા ફરાઇ ગયા—એ રીતે લગ્ન પતી ગયા અને વર કન્યાને વળાવવાનો અવસર થવામાં હજુ બે ઘડીનો સમય બાકી હતો, તે વખતે સાજનમાજનમાં ભૂનિવાસી અને વિદ્યાધરો અરસપરસ વાતોએ વળગ્યા. વિદ્યાધરોએ જિજ્ઞાસાથી આનંદપૂર્વક રિવાજોને અંગે કેટલાક સવાલો પૂછ્યા, તેમને પોંખણાની વાત સર્વથી વધારે નવાઈ ઉપજાવે તેવી લાગી. પોંખણામાં ચાર ચીજ હોય છે. ધોંસરું, ત્રાક, મુશળ ( સાંબેલું ) અને રવૈયો–ઝેરણી આ ચાર વસ્તુનો ઉપયોગ શો અને અર્થ શો તે તેમણે જાણવા ઇચ્છ્યું. તેના જવાબમાં એક દુનિયાદારીના ડાહ્યા માણસે જણાવ્યું કે એ રિવાજ તો શ્રી આદીશ્વર ભગવાનના વખતથી ચાલે છે, એને દાખલ કરનાર સૌધર્મ દેવલોકના ઇંદ્ર છે અને તેને માટે તેણે થોડા પાઠ રજૂ કર્યા. આ વાત જાણી વિદ્યા-ધરોને ખૂબ આનંદ થયો, એટલે વળી એનો અર્થ શો છે તે જાણવાની જિજ્ઞાસા વિદ્યાધરોએ બતાવી. તેના જવાબમાં વૃદ્ધ પુરુષે જણાવ્યું કે ઘણા રિવાજોના કારણો મનુષ્યલોકમાં નોંધી રાખવામાં આવતાં નથી, બાપદાદેથી કે પૂર્વપુરુષોનું અનુકરણ એમાં બહુધા હોય છે અને કારણો તો પછી દરેક યુગ પોતાની આવડત પ્રમાણે કલ્પી કાઢે છે. સંપ્રદાયથી ચાલ્યા આવતા રિવાજોને નોંધી રાખવા-નો રિવાજ નથી કારણ કે કારણો નોંધાય તો રિવાજો આખા ને આખા માર્યા જ જાય, કોઇ પણ બાબતનું કારણ બતાવવામાં આવે તો પછી તે હુકમ રહેતો નથી, પણ ભલામણનો આકાર લઈ લે છે. It ceases to be a direction and takes the form of a recommendation એટલે શાસ્ત્રમાં પણ કારણો નોંધવામાં આવતા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, પણ લોકો કારણો બેસાડે છે. મુહપત્તિ એક વેંત ને ચાર આંગળની રાખવી કે ઓઘારિયું સોળ આંગળનું રાખવું કે સ્નાત્રવેદી અમુક ઊંચાઈની જ કરવી એમાં હુકમ જ હોય છે.

છતાં આ હુકમોના કારણો બેસાડવા દરેક યુગે કલ્પનાઓ જરૂર કરી છે. અમારા ઘરડાઓ કહેતા કે પોંખણાની ચારે ચીજો પંછવાડે ઘણું ઊંડું રહસ્ય છે. લગ્ન કરવા એટલે સ્ત્રીને લાવવી, સ્ત્રી એટલે ઘર, ઘર એટલે સંસાર એટલે સંસારમાં પડવા પહેલાં સંસાર એ શી ચીજ છે એની આગાહી બનાવવામાં આવે છે. પ્રથમ ઘોંસરું આવ્યું. ઘોંસરું ગાડા પર બળદને નાખવામાં આવે છે એમ ઘર-સંસારનો આખો ભાર તમારે અને તમારા પત્નીએ મળીને વહેવાનો છે એનું એ પ્રતીક છે એવો ખુલાસો અમારા ઘરડાઓ કરતા હતા. ત્યારપછી ત્રાક આવી. ત્રાક રેંટીઆને હોય, સંસારચક્રને રેંટીઆના સુદર્શનચક્ર સાથે ઘણો સંબંધ છે, રેંટીઓ ચલાવવાનો આધાર ત્રાક પર રહે છે, તમે જે સંસારચક્ર ચલાવવા માટે પ્રભુતામાં પગલાં માંડો છો ત્યાં રેંટીઓ ગમે તેટલો મોટો હોય, પણ ત્રાક પર સર્વ આધાર રહેશે એ યાદ રખાવવાની એની ચેતવણી છે. મુશળ-સાંબેલું શાળને ખાંડવામાં ખૂબ જરૂરી ચીજ છે. સંસારમાં તમારે ઉપર ઉપરના છોતાં ફેંકી દેવાની અને અંદરના ચોખા કાઢી તેનો સંગ્રહ કરવાની જરુર પડશે એની યાદ દેનાર આ સાંબેલું છે અને ચોથો રવૈયો-ઝેરણી આવેલ તે ઘીની સાથે સંબંધ ધરાવે છે. છાશ વલોવવાથી ઘી નીકળે છે. તેમ સંસારને વલોવતાં તેમાંથી તમારે સાર કાઢવાનો છે, નવનીત ( માખણ ) તારવવાનું છે એની યાદ આપવા માટે આ રવૈયો પોંખણા તરીકે વપરાય છે—આવો ખુલાસો વૃદ્ધ પુરુષે કર્યો. આવું રહસ્ય સાંભળી વિદ્યાધરોને મનુષ્યલોકના ભૂમિવિભાગની અગમચેતી પર આશ્ચર્ય થયું, પણ કહેલ ભાવાર્થ તેમને લગ્નની દૃષ્ટિએ જરા વધારે પડતો લાગ્યો.

ત્યાં તો એક અવધૂત જેવો પુખ્ત માણસ નીકળી આવ્યો, તે અભ્યાસી હોવા સાથે વૈરાગી હતો. એણે જણાવ્યું કે, એ તો ચારે ચેતવણી છે. એ વરરાજાને ચેતવણી આપે છે કે ભૈયા! મોટે વરઘોડે ચડી આવ્યા હો અને સંસારમાં પડવા પગલાં માંડી રહ્યા છો, પણ યાદ રાખજો કે આ તો ઘોંસરું છે. એક વાર ગળે વળગ્યું પછી એના ભાર નીચે દબાઇ જશો, ત્રાકની જેમ વીંધાઈ જશો, મુશળ-સાંબેલાની જેમ ખંડાઇ જશો અને ઝેરણીની જેમ વલોવાઇ જશો. તમે એમ ન સમજતા કે તમે લ્હાવો લો છો! તમારે ધ્યાનમાં રાખવું કે આ તો ભારોભારના સોદા છે, કળાઈ-કૂટાઇ મરવાના સોદા છે, ધૂમડાઇ જવાના વેપાર છે અને વીંધાઇ જવાના ખેલ છે. આટલું જાણી-સમજીને પછી ઉઘાડી આંખે સંસારમાં ઝંપલાવો. આ વાત સાંભળી કેટલાક લોકોને આશ્ચર્ય થયું અને વિદ્યાધરોને તો ભૂનિવાસી માનવીની દુરંદેસિતા માટે ઘણું માન થયું. તેઓ આ ખુલાસા સાંભળી આશ્ચર્યપૂર્વક હસી પડયા.

ત્યાં કોઇ માણસ બોલી ગયો કે એ તો બધી બેસાડેલી વાત છે, એટલે એને તો સામો વિદ્યાધરોએ જ સવાલ કર્યો કે તેનું કારણ જે હોય તે તમે કહો. આ સવાલ સામે તે નિરુત્તર થઇ ગયો. ત્યાર પછી ઇંડિયા પીંડિયા સંકટ નિવારણના પ્રતીક છે અને સંપુટને છૂંદવામાં ઇતિ-ઉપદ્રવ-નિવારણની સૂચના છે એ વાત જાણતાં પણ વિદ્યાધરોને ખૂબ મજા આવી.

મનુષ્યલોકના ગીતો વિદ્યાધરીઓને ઘણાં નવાંઇ ભરેલા લાગ્યાં. એ તો ગીતો સાંભળતી જાય અને આનંદમાં આવતી જાય. એમાં વરના વર્ણનો રાજા તરીકેના, કન્યાની સરખામણી સીતા સાથે, આવતી જાનની સરખામણી મોટા સૈન્ય સાથેની અને વેવાઇને ભેદભરી રીતે દેવાતાં મ્હેણાં અને ઉભરાતા પ્રેમના વાગ્બાણોની અંદર ભરેલું અલંકારમય સાહિત્ય સાંભળી વિદુષી વિદ્યાધરીઓને ખૂબ આનંદ થયો. વિદ્યાધરીઓને ભૂનિવાસીનાં ગીતો આવડે

For Private And Personal Use Only

# મહાયાત્રાનો પ્રારંભ

લેખક : **મોહનલાલ દીપચંદ ચોકસી**

**એ કલ્યાણક ભૂમિઓ**

દિવાળી પર્વ ચરમજિનપતિના નિર્વાણ સ્થળ પાવાપુરીમાં કરવાનું નિશ્ચિત હોવાથી, મુંબઈથી સીધા આગ્રા જવાનું અને ત્યાંથી ક્રમસર આગળ વધવાનું અનુકૂળતાભર્યું લેખાય. જ્યાં એક કાળે દશ દશાર્હોનો જોરશોરથી ડંકો વાગતો હતો એવા **સૌરીપુરને** પ્રથમ જુહારવા સારુ આગ્રાનો મુકામ જેમ સગવડભર્યો છે તેમ એ નિમિત્તે આગ્રામાં આવેલ રોશન મહોલ્લાનું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મોટું મંદિર, એમાં એક ભાગ ઉપર વિરાજમાન, અને જેમને આજે પણ ચક્ષુ ચઢાવતા નથી એવી **શ્રી શીતળજિનની** ચમત્કારી મૂર્તિના, અન્ય દેવાલયોના, અને એ ઉપરાંત નામીચા એવા તાજમહાલ તેમજ લાલકિલ્લાના દર્શનનો યોગ સાંપડે છે સૌરીપુર સાથે મથુરા-વૃંદાવનના બનાવો અને એ અંગે રાજવી કંસ તેમજ શ્રી કૃષ્ણનો બાલ્યકાળ આ પ્રદેશમાં પગ મૂકતાં સહજ સ્મૃતિપટમાં રમવા માંડે છે. ઊંડાણમાં. અવગાહન કરતાં મહાભારતના સંગ્રામનું બીજ અહીં વવાયું એમ દિસે છે. એ કાળે પ્રતિવાસુદેવ જરાસંધની આણ સૌ ઉપર પ્રવર્તતી હતી; અને મામો કંસ એનો જમાઈ થતો હતો. સમુદ્રરાજા કે જેઓ દશ ભાઈઓમાં મોટા હતા, તેમને ત્યાં રાણી શિવાદેવીની કુક્ષિએ બાવીશમા તીર્થપતિનો જન્મ થયો. ઉપર જોયું તેમ વાસુદેવ થનાર શ્રીકૃષ્ણ હજુ બરાબર પ્રકાશમાં આવ્યા નહોતા, અરે તેમનો ઉછેર પણ છૂપી રીતે કરવામાં આવ્યો હતો! કેમકે માથે કંસની તલવાર લટકતી હતી, ત્યાં નૈમિત્તિકની સલાહ મળતાં, કંસવધના પ્રસંગ પછી

---

નહિ એટલે જમીન પરની પચાસ ભાગો કન્યા પક્ષે થઈ ગઈ અને પછી માયરા વખતે, ચોરી વખતે અને કન્યા વળાવતી વખતે જે સામસામી ગીતોની રમઝટ ચાલી તે વિદ્યાધરીઓને પણ ખૂબ રસમય લાગી. એમાં વરને ઇંદ્ર સાથે સરખાવવાના ગીતો સાંભળીને તો તેમને ભારે વાત લાગી. વળાવતી વખતે 'એક આવ્યો તો પરદેશી પોપટો, બ્હેની રમતા'તા માંડવા હેઠ, ધૂતારો ધૂતી ગયો' એને મળતું ગીત કન્યાપક્ષની જાનડીએ ગાયું ત્યારે વિદ્યાધરીઓને ખૂબ મઝા આવી. પણ પછી 'દાદાને આંગણ આંબલો'થી શરુ થતા ગીતમાં 'અમે રે લીલા વનની ચકલીઓ, ઊડી જાશું પરદેશ જો' એવા વાતને મળતું ગીત ગાયું ત્યારે વિદ્યાધરીઓની આંખમાં પણ આંસુ આવી ગયા. હાથણી ઉપર બેસી ત્રિપૃષ્ઠકુમાર અને દેવી સ્વયંપ્રભા રાજમહેલે પધાર્યા. આખા નગરમાં આનંદ-આનંદ પ્રવર્ત્યો લોકોએ રાજપુત્રના લગ્નમાં ખૂબ હોંશથી ભાગ લીધો. વિદ્યાધરોને તો વળી ખૂબ મોજ આવી. કારણ કે મનુષ્ય ભૂનિવાસીઓના આટલા ગાઢ સંપર્કમાં તેમને આવવાનો આવો પ્રસંગ જવલ્લે જ મળતો. તેમને મન મનુષ્યલોક એટલે જરા હલકા પ્રાણીઓ ગંદા, માંદલા અને ગમે તેવા પણ નીચાણ ભાગમાં વસનારા. અત્યાર સુધી ભૂતળવાસી મનુષ્યલોકનો તેમને ગાઢ પરિચય થયેલો નહિ એટલે એના તરફ ઉપેક્ષા હતી. આજે તેઓએ જાણ્યું કે તળિયાના મનુષ્યોના રિવાજોમાં, રહેણીકરણીમાં અને બોલીચાલીમાં પણ ઘણું જાણવા જેવું હોય છે. વેવાઈના આગ્રહથી જ્વલનજટી થોડાં દિવસ પોતનપુરમાં પરિવાર અને સામંત અમાત્યો સાથે રહેશે એમ ઠરાવવામાં આવ્યું. ત્રિપૃષ્ઠ અને સ્વયંપ્રભા ખૂબ આનંદમાં કાળ નિર્ગમન કરવા લાગ્યા. (ચાલુ)

**સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતમાં જ અંધકવૃષ્ણિ યાને યાદવોનો મોટો સમુદાય આ સ્થાનથી ઉચાળા ભરી, ત્વરિત ગતિએ સૌરાષ્ટ્ર-માં આવ્યો અને દ્વારિકામાં ગાદી સ્થાપી. આ કારણે ચ્યવન-જન્મરૂપ માત્ર બે કલ્યાણકો જ સૌરીપુરની ભૂમિમાં થયેલ છે. આજે જૈનો એ મહત્ત્વ યાદ કરી અહીં યાત્રા નિમિત્તે આવે છે. બાકી સામાન્ય ગામની ગણનામાં પણ જેનો નંબર લાગે નહીં એવા આ પ્રદેશમાં ઇતિહાસની ઉપર વર્ણવી એવી સ્મૃતિ સિવાય કંઇ જ નથી. આસન્ન મથુરા-વૃંદાવનમાં તો વૈષ્ણવોએ તીર્થધામ તરીકેનું મહત્ત્વ જીવતું રાખેલ છે. અહીં પગ મૂકતાં જ પ્રથમ આંચકો તો એ લાગે છે કે સમયના ઝંઝાવાતે આટલી હદે પરિવર્તન કરી નાખ્યું! પણ જ્ઞાની ભગવંતોના ટંકશાળી વચન યાદ કરીએ તો એમાં અજાયબ થવાપણું નથી રહેતું. ચડતી ત્યાં પડતી એ તો કુદરતી નિયમ. વળી સ્થળ આશ્રયી પણ અધિષ્ઠાયક હોય છે. ધરતીના શીરે પણ ઉદય-અસ્તના ખીલા ઠોકાયા છે. એ વિના એક કાળનું સામાન્ય ગામડું આજે મુંબઇરૂપે અગ્રગણ્ય શહેર હોય ખરું?

આમ મનોપ્રદેશમાં વિચારના મણકા મૂકતાં જ્યાં દેવાલયમાં પ્રવેશ કરીએ ત્યાં આરસની છત્રી હેઠળ બિરાજમાન પ્રભુશ્રી **નેમિનાથ**ની મૂર્તિને જોઈ હૃદય નાચી ઉઠે છે. વારંવાર આ પ્રદેશમાં આવવાનું બનતું ન હોવાથી બને તેટલી વધુ ભક્તિ કરી લેવાનું મન થાય છે. એકાંત પ્રદેશ, ટચુકડું દેવાલય અને પ્રભુશ્રીના બિંબ, તેમજ પૂજન અંગે સામાન્ય સામગ્રી; આમ છતાં ભાવના ઉછળે એમાં વાતાવરણની મહત્તા જ કારણરૂપ લેખાય. સમુદાયમાં જનાર યાત્રિકોએ ભક્તિના અતિરેકમાં વિવેક રાખતા શિખવાની જરૂર છે. હું એકલો જ પ્રભુને ત્રણ ત્રણ વાર પૂજા કરું કિંવા આંગી રચવામાં વિશેષ સમય લઉં એ અંતરના શુદ્ધ ભાવ હોવા છતાં અહીં ઉચિત ન ગણાય. દરેક-ને પ્રક્ષાલ તેમજ પૂજનનો લાભ મળે, શાંતિ જળવાય, ધમાધમ ન થાય, એ રીતે ક્રિયા કરવાની હોય. લાલ કેશરમાં જ ભાવવૃદ્ધિ થાય એ માન્યતા પણ વ્યાજબી નથી. શાસ્ત્રકારે તો વજન ચંદનપૂજા ઉપર જ મેલ્યું છે. સ્નાત્રપૂજા ભણાવવી એ તો રૂડું ગણાય, પણ એ વેળા સમય અને સ્થાન પરત્વે લક્ષ્ય અપાવું ઘટે. સ્નાત્રમાં જોઇતા સાધનો આવા એકાંત પ્રદેશમાં ન પણ હોય, અગર દેવાલય વિશાળ ન હોય તો સૌનો સમાવેશ ન પણ થઈ શકે. વળી નિયત સમયમાં કાર્યવાહી પૂર્ણ કરી આગ્રા પહોંચવાનું હોય તો એ વાત પણ ધ્યાન બહાર ન રખાય. આમ તો યાત્રિકોના આગમન નિમિત્તે ગરમપાણીની સગવડ રખાય છે પણ એ વેળાએ વાપરવા અંગેનો જરૂરી વિવેક આપણે દાખવવો જોઇએ. ક્યાંમાંથી કેટલા પરિશ્રમે પાણી લાવી સગવડ કરવાની હોય છે એ વાત ધ્યાનમાં રાખી વપરાશ કરતાં શિખવું જરૂરી છે. તીર્થપતિના દર્શન-પૂજનથી મુખ્ય રીતે તો કષાયો ઉપર કાબૂ મેળવવાનું શિખવાનું છે. તેમના સરખી વીતરાગદશા પ્રાપ્ત કરવાની અભિલાષાથી જ આ ભૂમિની સ્પર્શના ઇષ્ટ ગણી છે; આમ છતાં દોડાદોડ-ધમાધમ કે પરસ્પર બોલચાલ સંભવતી હોય તો, આપણી યાત્રા પોપટના રામનામ જેવી જ થવાની.

બીજી કલ્યાણક ભૂમિ તે **હસ્તિનાપુર**. પ્રાચીન કાળમાં ભારતની પાટનગરી તરીકે એનું મહત્ત્વ હતું જ. એ વેળા એના દિદાર કેટલા મનોહર ને દમામદાર હશે એનો ખ્યાલ આજે આવવો મુશ્કેલ છે. આમ છતાં આઝાદી આવ્યા પછી, એ તરફ રાજ્ય સંચાલકોનું ધ્યાન ખેંચાયું છે અને વર્તમાન યુગના સાધનોથી એમાં પુનર્વસવાટ વૃદ્ધિ પામે એવી રીતે કામ આરંભાઈ ગયેલ છે. આ કલ્યાણક ભૂમિ મીરત શહેરથી લગભગ પચીસ માઈલના અંતરે છે. હવે તો સડક સુધરી ગઇ છે અને આપણી ધર્મશાળા એ નવા વસવાટથી બહુ દૂર નથી. ધર્મ-શાળાની મધ્યમાં દેવાલય છે અને વચલા ગભારામાં **શ્રી શાન્તિનાથપ્રભુ** તેમજ આસપાસના ગભરામાં **શ્રી કુંથુનાથ** તેમજ **શ્રી અરનાથ** વિરાજમાન છે. ગોખલામાં પાદુકાઓ પણ છે. પાછળના ભાગે બીજી ધર્મશાળા છે. સ્થળ તો રમણિય છે અને સ્થિરતા હોય તો શાંતિથી રહેવા જેવું ગણાય. પણ 'વહ દિન કહાં કે મીયાં કે પાઉંમેં જુત્તી!' જેવું હાલ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણું વર્ત્તન થઈ પડેલ છે. સ્પેશીયલની યાત્રા એટલે ઉતાવળ અને એમાં આપણું મન પણ એકાદ-ઘડીમાં સર્વ પતાવીને જલ્દી ઘરભેગા થવા માંગે ત્યાં 'લે દેવ ચોખા ને મૂક મારો છેડો!' જો કે જ્યાં **શ્રી આદિનાથે** શ્રેયાંસકુમારના હાથે વર્ષના તપ પછી ઇક્ષુ રસનું પારણું કરેલ એ સ્થાન વર્ત્તમાન દેવાલયથી લગભગ માઇલના અંતર પર નાનકડી ટેકરી પર આવેલ છે અને ત્યાં પૂર્વે જણાવેલ ત્રણે તીર્થંકરોની પાદુકા પણ છે. વળી આ સ્થળમાં ઓગણીશમા **શ્રી મલ્લિનાથનું** સમવસરણ થયેલ એ વાતની સ્મૃતિમાં તેમની પાદુકા પણ છે. ત્રણે તીર્થંકરો અહીં જન્મ્યા, મોટા થયા, પરણ્યા, ચક્રવર્તીપદની રિદ્ધિ ભોગવી અને સમયની હાકલ થતાં સાપ જેમ કાંચળી ત્યજી જાય તેમ એ સર્વ વૈભવને લાત મારી, શ્રમણ જીવનમાં પ્રવેશ્યા અને કર્મો પર વિજયશ્રી પ્રાપ્ત કરી કૈવલ્યના ભોક્તા બન્યા. આ રીતે ચ્યવનથી કેવળજ્ઞાન સુધીના ચારે કલ્યાણકોથી આ ભૂમિ પાવન થઈ. આપણા સરખા પંચમ આરાના માનવોને માટે એની સ્પર્શના ખરેખર અવલંબનરૂપ લેખાય. વર્ષીતપ કરનારે અહીં આવીને જ પારણું કરવું જોઈએ અને આ તરફના તપસ્વીઓ આવવા પણ લાગ્યા છે. વ્યવસ્થાપકો તરફથી એ માટે પ્રબંધ પણ કરાય છે. વળી દેરાસરનો નવા પ્લાન મુજબ જીર્ણોદ્ધાર પણ થવાનો છે. એટલે અહીં જેટલી આવક વધુ એટલી વિશેષ લાભદાયી છે. આવી સ્પષ્ટ વાત છતાં સગવડપંથી એવા ગુજરાતી–મારવાડી આદિનો મોટો જનસમુદાય હજુ પણ પાલીતાણા જાય છે! જ્યારે સાધનોની સાનુકૂળતા થઇ છે ત્યારે તો જેનો સંબંધ જે સ્થાન સાથે છે એ સ્થળે જ પારણું કરવું વ્યાજબી ગણાય. તો જ ઇતિહાસનું મહત્ત્વ જળવાઇ રહે. રખે કોઇ માને કે આમ કરવાથી **શ્રી શત્રુંજયનું** મહત્ત્વ ઘટી જશે. એ શાશ્વત તીર્થ પર આ ચોવીશીના એક પણ તીર્થપતિનું કલ્યાણક નથી થયું; આમ છતાં એ મહાતીર્થ ગણાય છે. એના પર શાશ્વતનો મુગટ ચઢેલ છે અને એની પવિત્રતા એટલી બધી નોંધાયેલી છે કે એમાં ન્યૂનતા થવાનો સંભવ જ નથી. જ્યાંના વસવાટમાં રહી અનંતા આત્માઓએ મુક્તિપદની સાધના કરી હોય અને જ્યાંની મહત્તા પિછાની નવાણું પૂર્વ વાર પ્રથમ જિને પગલાં પાડ્યા હોય ત્યાં સદૈવ આકર્ષણ રહેવાનું. જો ઉપરનો ફેરફાર થાય તો આજે જે મહિનાઓ પૂર્વેથી પાલીતાણામાં જગ્યાઓ રોકાય છે અને યાત્રાળુઓને જાતજાતની હાડમારીઓ વેઠવી પડે છે એમાંથી બચી જવાય. જરા બારિકાઇથી જોઈએ તો જ્યારથી અક્ષયતૃતીયાના પારણાને વ્યવહારિક પર્વનું સ્વરૂપ અપાયેલ છે ત્યારથી એ વેળા જે ભીડ ને ધમાલ દૃષ્ટિગોચર થાય છે તે કેટલીક વાર મર્યાદા ઓળંગી જાય છે અને એ કારણે કાર્તિકી–ચૈત્રી જેવા મહત્ત્વના મેળા પણ ઝાંખા પડ્યા હોય એમ જણાય છે.

આટલી વાત પ્રાસંગિક કરી મૂળ વાત પર આવતાં કહેવાનું કે આખા દિવસની સ્થિરતા હોવાથી, પૂજન માટે સ્વયંસેવકોએ લાઇન ગોઠવીને સુંદર પ્રબંધ કર્યો. એથી સર્વ યાત્રિકોને શાંતિથી પૂજનનો લાભ મળ્યો. વળી રંગમંડપ સામાન્ય રીતે વિશાળ હોવાથી સ્નાત્રપૂજા પણ આનંદપૂર્વક ભણાવાઇ. સવારથી આવેલ બસમાં નમતી સંધ્યાએ મીરત પાછા ફર્યા.

અનુસંધાનમાં કહેવાનું કે આજની રાજધાની દિલ્હી જો કે કલ્યાણક ભૂમિ નથી, છતાં ત્યાં પણ નવધરાનું રમણીય દેવાલય, દાદાવાડી તેમજ બીજા પણ દહેરા છે. જોવાલાયક સ્થળોમાં એની ગણના અગ્રસ્થાને છે. અહીંથી મીરત જવાનું હોવાથી યાત્રિકોને એનો લાભ મળે છે અને હવે તો મીરતમાં પણ શ્વે. સંપ્રદાયનું દેવાલય ને નાનકડી ધર્મશાળા થયેલ છે. એ સર્વના દર્શન માનવભવ પામીને વધુ નહીં તો એક વાર તો અવશ્ય કરવા ઘટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિકમાલા

( ૪ )

લેખક : પૂ. પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

નવકાર–એ મંત્ર સંસારવર્તી સમસ્ત પ્રાણીઓનો **'સાચો સાથી'** છે. ૧૧૫

નવકાર–એ મંત્ર વિશ્વનો **'મહામંત્ર' 'પરમમંત્ર' 'પરમેષ્ઠિમંત્ર' 'જીવનમંત્ર' 'મુક્તિમંત્ર' 'ચારિત્રમંત્ર'** અને **'ધર્મમંત્ર'** છે. ૧૧૬

નવકાર–એ મંત્ર આપણી આત્મભૂમિમાં અનુપમ વાવેતર કરી અનંત દર્શન–જ્ઞાન–ચારિત્રાદિનો સુંદર ફાલ આપનાર **'સર્વશ્રેષ્ઠ ક્ષેત્ર'** છે. ૧૧૭

નવકાર–એ મંત્ર ભયંકર ભવવનમાં ભૂલા પડેલા પ્રવાસીઓને–વટેમાર્ગુઓને સનાતન સત્ય મોક્ષમાર્ગે મૂકનાર **'પરોપકારી ભોમિયો'** છે. ૧૧૮

નવકાર–એ મંત્ર સંસારમાં પરિભ્રમણ કરી રહેલા પ્રાણીઓને પોતાના મનમંદિરમાં કુવિચારાદિને નહિ પ્રવેશ કરાવનાર **'સમર્થ ચોકીઆત'** છે. ૧૧૯

નવકાર–એ મંત્ર વિશ્વનો **'અનુપમ ઉદ્ધારક'** અને ભવ્ય જનતાનો **'અદ્વિતીય તારક'** છે. ૧૨૦

નવકાર–એ મંત્ર પૂર્વે થયેલ ભવિષ્યમાં થનાર અને વર્તમાનમાં થતાં શ્રી પંચપરમેષ્ઠી ભગવંતો તથા તેમના અગણ્ય ગુણોનું **'સુંદર સંગ્રહસ્થાન'** છે. ૧૨૧

નવકાર–એ મંત્ર જગતના સમસ્ત આત્માઓનો **'મજબૂત આધારસ્તંભ'** છે. ૧૨૨

નવકાર–એ મંત્ર સકલ સિદ્ધાંતનો વિસ્તીર્ણ **'સ્વયંભૂરમણ સમુદ્ર'** છે. ૧૨૩

નવકાર–એ મંત્ર કોઇ પણ શાસ્ત્રનું અધ્યયન કે અધ્યાપન કરવાના પૂર્વસમયે મંગલ તરીકે સ્મરણ કરવા લાયક કલ્યાણકર **'મંગલસૂત્ર'** છે. ૧૨૪

નવકાર–એ મંત્ર જૈન જગતમાં આબાલગોપાલ **'સુપ્રસિદ્ધ મહામંત્ર'** છે. ૧૨૫

નવકાર–એ મંત્ર સ્નાન કરવાની અને આત્માને તથા દેહને પવિત્ર બનાવનારી **'પવિત્ર ગંગાનદી'** છે. ૧૨૬

નવકાર–એ મંત્ર વિશ્વમાં વ્યાધિવિનાશક સર્વોત્તમ **'મહારસાયણ'** છે. ૧૨૭

નવકાર–એ મંત્ર જગતના નિખિલ જીવોનું સ્વાદિષ્ટ **'અદ્‌ભૂત ચાટણ'** છે. ૧૨૮

નવકાર–એ મંત્ર સમસ્ત જગતની સાચી **'અણમોલ બૂટી'** છે. ૧૨૯

નવકાર–એ મંત્ર વિશ્વની મંગલમય સકલ કલ્યાણકારી ભાવનાનું **'શ્રેષ્ઠ ઊર્ધ્વીકરણ'** છે ૧૩૦

નવકાર–એ મંત્ર જગતની મંગલરૂપ સમસ્ત કલ્યાણકારી ભાવનાનું **'સુંદર સ્થિરીકરણ'** છે. ૧૩૧

નવકાર–એ મંત્ર સૃષ્ટિની મંગલસ્વરૂપ કલ્યાણકારી ભાવનાનુ **'પ્રકૃષ્ટ પ્રસરણ'** છે. ૧૩૨

નવકાર–એ મંત્ર આલમની મંગલમય નિખિલ કલ્યાણકારી ભાવનાનું **'સર્વોચ્ચ સિંચન'** છે. ૧૩૩

નવકાર–એ મંત્ર દુનિયાની મંગલરૂપ સર્વ કલ્યાણકારી ભાવનાનું **'અલૌકિક શુદ્ધીકરણ'** છે. ૧૩૪

નવકાર–એ મંત્ર જગતનું નિરૂપમ **'શાશ્વત સંગીત'** છે ૧૩૫

નવકાર–એ મંત્ર ભવ્યાત્માના સકલ કર્મોનો, સમસ્ત દુઃખોનો, સર્વ ઉપસર્ગો–ઉપદ્રવોનો અને નિખિલ પાપોનો **'સર્વથા વિનાશક'** છે. ૧૩૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નવકાર**-એ મંત્ર દુનિયાના નિખિલ પ્રાણીઓને '**અસાધારણ સહાયક**' અને '**અદ્વિતીય ઉપકારક**' છે. ૧૩૭

**નવકાર**-એ મંત્ર મોક્ષનગરનો '**મહાન્ દરવાજો**' છે. ૧૩૮

**નવકાર**-એ મંત્ર સર્વોચ્ચ પંચપરમેષ્ઠિ ભગવંતોને આપણા આત્મ-મંદિરમાં પધારવા માટે ભાવભીનું આમન્ત્રણ આપનાર '**અદ્વિતીય દૂત**' છે. ૧૩૯

**નવકાર**-એ મંત્ર '**૯ પદરૂપ**' છે, '**૮ સંપદારૂપ**' '**૬૮ સર્વાક્ષિરરૂપ**' છે, '**૨૪ શબ્દરૂપ**' છે, '**૭ ગુરુરૂપ**' છે, '**૬૧ લઘુરૂપ**' છે, '**૬૯ સ્વરરૂપ**' છે. '**૮૨ વ્યંજનરૂપ**' છે. '**૧૩૭ સર્વવર્ણરૂપ**' છે, '**૧૧૨ માત્રારૂપ**' છે, '**પંચ પરમેષ્ઠિસ્વરૂપ**' છે અને '**સચૂલિકદ્વય**' છે. અર્થાત્ એ સર્વથા સંગ્રહિત છે. ૧૪૦

**નવકાર**-એ મંત્ર સમસ્ત જગતમાં '**અચિંત્ય પ્રભાવશાળી**' છે. ૧૪૧

**નવકાર**-એ મંત્ર સકલ વિશ્વમય જીવનનું '**સર્વોત્કૃષ્ટ સત્ત્વ**' છે. ૧૪૨

**નવકાર**-એ મંત્ર આ ચરાચર સૃષ્ટિમાં સર્વત્ર '**અચલ વ્યાપક**' છે. ૧૪૩

**નવકાર**-એ મંત્ર સૂત્રથી લઘુ છતાં અર્થથી '**અનંત**' છે. ૧૪૪

**નવકાર**-એ મંત્ર સર્વને સર્વદા '**સ્મરણીય**' '**ચિંતનીય**' અને '**મનનીય**' છે. ૧૪૫

**નવકાર**-એ મંત્ર સકલશાસ્ત્રનું અંતર વ્યાપક '**અદ્વિતીય સૂત્ર**' છે. ૧૪૬

**નવકાર**-એ મંત્ર ગમે તેવું કાર્ય ચિત્તથી ચિંતવેલું હોય, વચનથી પ્રાર્થેલું હોય. કે કાયાથી પ્રારંભેલું હોય, એ સર્વને નિર્વિઘ્ન સફળ કરનાર '**સિદ્ધવચન**' છે. ૧૪૭

**નવકાર**-એ મંત્ર આત્માના હૃદયરૂપી ગુફામાં નિરંતર નિવસનાર '**કેશરી સિંહ**' છે. ૧૪૮

**નવકાર**-એ મંત્ર જ્ઞાનરૂપી અશ્વથી જોડાયેલ સંયમરૂપી રથમાં આત્માને બેસાડી મુક્તિપુરીમાં પહોંચાડનાર '**મહાન્ સારથી**' છે. ૧૪૯

**નવકાર**-એ મંત્ર સૂત્રથી લઘુ છે પણ અર્થથી '**અતિ મહાન્**' છે. ૧૫૦

**નવકાર**-એ મંત્ર મુક્તિરૂપી નારીને વરવાનો '**લગ્ન મંડપ**' છે. ૧૫૧

**નવકાર**-એ મંત્ર અણિમાદિ સિદ્ધિ સાધવાનું '**સુંદર સાધન**' છે. ૧૫૨

**નવકાર**-એ મંત્ર સકલ પાપનો, ઉપદ્રવનો, કર્મનો અને અધર્માદિકનો '**કટ્ટર રિપુ**' છે. ૧૫૩

**નવકાર**-એ મંત્ર મોક્ષનું અનન્ય અને અલૌકિક '**શ્રેષ્ઠ અંગ**' છે. ૧૫૪

**નવકાર**-એ મંત્ર વિશ્વમાં વાણીથી '**અવર્ણનીય**' છે. ૧૫૫

**નવકાર**-એ મંત્ર વિશ્વમાં સમસ્ત જીવોને '**સર્વકાર્ય સિદ્ધિપ્રદ**' છે. ૧૫૬

**નવકાર**-એ મંત્ર શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારાદિ સ્વરૂપ '**મહાન્ મૃત્યુંજય**' છે. ૧૫૭

**નવકાર**-એ મંત્ર સૃષ્ટિમાં સકલ રક્ષણ કરનારો પણ '**અદ્વિતીય રક્ષક**' છે. ૧૫૮

**નવકાર**-એ મંત્ર આત્માને અને દેહને પુષ્ટ કરનાર '**સર્વોત્તમ વીટામીન**' છે. ૧૫૯

**નવકાર**-એ મંત્ર યશ અને કીર્તિ આદિને સર્વત્ર ફેલાવનાર '**અદ્વિતીય ધ્વનિયંત્ર**' છે. ૧૬૦

**નવકાર**-એ મંત્ર ભૂખ મટાડવાનું '**દિવ્ય ભોજન**' છે. ૧૬૧

**નવકાર**-એ મંત્ર તૃષા શાન્ત કરવાનું '**નિર્મળ જળ**' છે. ૧૬૨

**નવકાર**-એ મંત્ર તૃષ્ણા અને કષાયોરૂપી દાવાનળથી અતિ બળી રહેલા આત્મદેહને શાંત કરનાર '**શીતળ ચંદનનો લેપ**' છે. ૧૬૩

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રેયસ અને પ્રેયસ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

જે વસ્તુ અગર કાર્ય અને આચરણાનું પરિણામ આપણા આત્માના કલ્યાણમાં પરિણમે છે તે શ્રેયસ, આપણું અંતિમ કલ્યાણ કરનારું હોય છે. અને જે કાર્ય અગર આચરણાનું પરિણામ અંતે આપણા નાશમાં પરિણમે છે તે પ્રેયસ હોય છે. ટૂંકામાં એનો એ અર્થ જણાય છે કે, કોઇ પણ કાર્ય પ્રથમ દર્શને આપણને અહિતકર લાસે છે અગર કઠણ અને કડવું ભાસે છે, પણ પરિણામે આપણું ભલું કરનારું હોય તેમજ શ્રેય કરનારું અગર કલ્યાણ કરનારું કાર્ય ગણવું જોઇએ. અને જે કાર્ય દેખીતી રીતે મનને આકર્ષણ કરનારું, ગમી જનાર અને આનંદ ઉપજાવનારું જણાય છે, પણ અંતે આપણો સર્વનાશ નોતરનારું હોય છે તે પ્રેય અગર પ્રિયકર લાગનારું છતાં તે આપણા શત્રુનું કામ કરનારું હોય છે, એ નક્કી સમજી રાખવું જોઇએ. આપણને કોઇ જાતનો રોગ થએલો હોય તે મટાડવા માટે વૈદ્ય કડવી દવા આપે અને આપણા ખાનપાન ઉપર સખત પ્રતિબંધો મૂકે અને ચરી પાળવાનું ફરમાવે એ આપણને ગમી જનારી વસ્તુ હોતી નથી. કડવી દવા લેતા આપણું મ્હોં વાંકુંચુંકું થઇ જાય છે. દવા લીધા પછી કોઇ સાકર જેવી મીઠી વસ્તુ મ્હોંમાં નાખવા માટે આપણે તૈયાર રાખીએ છીએ. અને ચરી પાળવામાં કેટલીએક છૂટછાટ મેળવવા માટે વૈદ્યને આજીજી કરીએ છીએ. વાસ્તવિક એ બધું કટુ કર્તવ્ય આપણો રોગ મટાડવા માટે કરવાનું હોય છે. અર્થાત્ પરિણામે આપણું શ્રેય અને કલ્યાણ થવાનું હોય છે. પણ એ આપણને ગમતું નથી, તેમાં આનંદ આવતો નથી અને આપણા મનને પ્રિય લાગનારું, આપણા મનને રીઝવનારું કોઇ કાર્ય હોય, આપણે તેનું પરિણામ જાણતા હોઇએ છતાં આપણે ટાળી શકતા નથી અને આનંદપૂર્વક સેવન કરીએ છીએ એ પ્રેયસ, પ્રિય થઇ પડે છે. પણ તે આપણા માટે નુકશાન કરનારું નિવડે છે અને અંતે આપણે પસ્તાઇએ છીએ.

શ્રેય અને પ્રિય એવી બન્ને ભાવનાઓ આપણામાં સાથે જ રહેલી હોય છે. ત્યારે આપણું કલ્યાણ કરનારું કયું કાર્ય અને આપણું નુકસાન કરનારું કયું કાર્ય એ આપણે શી રીતે ચૂંટી શકીએ? દરેક પ્રસંગે શ્રેય અને પ્રેયની ચૂંટણી કરનારું સાધન કયું? એવો વિચાર મનમાં આવી જાય છે. એવું કોઈ સાધન આપણી પાસે હોય તો જ આપણે આપત્તિમાંથી છૂટી શકીએ. એવું સાધન છે વિવેકનું. આપણે શ્રેયસની ચુંટણી વિવેકદ્વારા કરી શકીએ એમ છીએ એટલે દરેક વખતે આપણે જો વિવેકનો આશ્રય લઇ કાર્ય કરતા રહીએ તો જ આપણા હાથે આપણું કલ્યાણ થાય. તે વિના આપણા હાથે મોટી ભૂલ થવાનો સંભવ છે. કારણ આપણું શ્રેયસ અને પ્રેયસ એ બન્ને વસ્તુઓ એવી છે કે, તેમાં ચોકસ ચુંટણી કરવી ઘણી મુશ્કેલ છે. અજવાળું અને અંધારું એ બન્ને તદ્દન ભિન્ન વસ્તુઓ છે. છતાં આપણે એ પારખવામાં પ્રસંગે ભૂલ કરી બેસીએ છીએ.

આપણું શ્રેયસ એટલે કલ્યાણ શેમાં છે એ ઓળખવા માટે વિવેકનો નિકષ જોઇએ. એ જાણવા છતાં એ નિકષ અગર કસોટી કયાંથી મેળવવી એ મોટો પ્રશ્ન અણઉકેલાએલો રહે છે, તેનો આપણે વિચાર કરીએ.

અગ્નિને અડતાં આપણે દાઝી જઇએ છીએ, એવો અનુભવ મેળવવા માટે જો આપણે અગ્નિને અડવું જ જોઇએ, એમ ધારી અગ્નિને અડી દાઝીને પછી જ પરિણામ ભોગવીએ, એમ દરેક વખતે કરવા બેસીએ તો એવા ખોટા અનુભવો મેળવવા પાછળ જ આપણું જીવન પૂરું થઈ જવાનું અને આપણે જેવા ને તેવા કોરા રહી જવાના. એટલું જ નહીં પણ આપણે



For Private And Personal Use Only

પ્રગતિ પંથમાં ખૂબ પાછા પડી જવાના. એવી રીતે આપણે પાછળ અનંત ભવો ખોઈ વેડફી નાખેલા છે, એટલા માટે જ આપણે આપણા પહેલા જગતમાં ભલાબૂરા અનુભવો મેળવી ગયેલાના અનુભવોનો લાભ ઉઠાવી લેવો જોઇએ. આ જગતમાં આપણા પહેલા અનંત જ્ઞાની અને અનુભવી માનવો થઈ ગયા છે. અને એનાંથી અનેકોએ આદર્શ જીવન જીવી બતાવેલું છે. અને અત્યંત કપરા પ્રસંગોમાં પણ તેઓ પોતાની શ્રેયસાધના ચૂક્યા નથી. એટલું જ નહીં પણ શ્રેય સાધના માટે અત્યંત વિલોભનીય પ્રેયસ તરફ પાછું વાળી જોયું પણ નથી. કારણ સારી પેઠે જાણતા હતા કે, પ્રેયસ એટલે પ્રિયકર લાગતા મનોહર અને જોવામાં સુખકારક જણાતા કાર્યો એ મોહિનીના મંત્રો છે. જેમ કોઇ જાદુગર અનેક રીતે આપણી નજર સામે આશ્ચર્યકારક દેખાવો ખડા કરે છે અને આપણને વશ કરી લઇ એની જાળમાં ફસાવે છે તેમ પ્રેયસ જણાતા કાર્યનું જાણવું જોઇએ. ચાલુ જમાનામાં નોટોને બેવડી કરી બતાવનારા, અને સોનું બમણું કરી બતાવનારા ઠગારાઓનો જગતમાં ટોટો નથી. તેમજ એની જાળમાં ફસી પડી પોતાની મિલકત ગુમાવી બેસનારાઓ પણ મળી જ આવે છે. પ્રેયસ લાગતી વસ્તુઓનું પણ એમજ બને છે. અને પરિણામે માથે હાથ દઇ રોવું પડે છે. આપણી પોતાની કહેવાતી ઇંદ્રિયો પણ આપણને ઠગવામાં સહાયભૂત થાય છે, એ સમજી લેવું જોઇએ. આપણી ઇંદ્રિયો વાસ્તવિક રીતે આપણી નોકર ગણાવી જોઇએ અને આપણું કહ્યું કરનારી હોવી જોઇએ. પણ ઘણી વખત એમ બનતું નથી. આપણી રસના એટલે જીભ નહીં ખાવા લાયક પદાર્થો ખાવા માટે આપણને લલચાવે છે. આપણી આંખો નહીં જોવા લાયક બીભત્સ અને અશ્લીલ બનાવો જોવા આપણને ઉશ્કેરી મૂકી તે જોવા આકર્ષે છે. કાન નહીં સુણવાલાયક અનિચ્છનીય શબ્દો સાંભળવા માટે આપણને લલચાવે છે. તેમજ અનેક જાતના કાર્યો જાણે મંત્રમુગ્ધ થઇ, આપણે કોણ છીએ અને શું કરવું અને શું નહીં કરવું તેનો વિવેક કરવાને ફુરસદ પણ આપતા નથી. આપણે આપણા ઇંદ્રિયો, શરીર અને મનના માલેક છતાં નોકરની પેઠે તેમના તાબે રહી કાર્યો કર્યે જઈ પ્રેયસની પાછળ પડી આપણા આત્માનું શ્રેયસ બગાડી મૂકીએ છીએ. માટે જ અમો કહીએ છીએ કે, આગળ ચાલનારાને ઠોકર વાગી હોય તેથી અનુગામીએ સાવધાનીથી પગલું ભરવું જોઇએ. અને પોતાનું શ્રેય સાધવું જોઇએ.

આપણા પુરોગામી અનંત થઈ ગયા છે અને તેમણે પોતાના અનુભવો તેમજ પરિણામોની નોંધ ગ્રંથોમાં લખી રાખી છે. તેઓ તદ્દન નિર્લોભી અને આપણા હિતચિંતક હતા એ ધ્યાનમાં લઈ તેમની ઉપર વિશ્વાસ રાખી, તેમણે બતાવેલા માર્ગે ચાલવું જોઇએ. વિવેક મેળવવાનો એ જ એક રાજમાર્ગ છે. એ માર્ગે જ આપણો વિવેક સુઝી આવે. જે કાર્ય કરવા માટે જ્ઞાની ભગવંતો નિષેધ કરે છે તે કાર્ય ભલે આપણને ગમી ગએલું હોય છતાં અને તેના નિષેધનું કારણ આપણે આકલન નહીં કરી શકયા હોઇએ છતાં જ્ઞાની ભગવંતોના શબ્દો ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી તેમનો નિષેધ માન્ય રાખવો જોઇએ. ખરી વખતે આપણે વિવેક ખોઈ બેસીએ ત્યારે विवेकभ्रष्टानां भवति विनिपात शतमुखः। એટલે જેઓ વિવેક ગુમાવી બેસે છે અર્થાત્ વિવેકથી ભ્રષ્ટ થાય છે તેઓનું સેંકડો માર્ગોથી પતન જ થાય છે. અર્થાત્ વિવેક ગુમાવી ગમે તેમ ચાલનારનો નાશ નિશ્ચિત છે, માટે દરેક કાર્ય પાછળ વિવેકનું બળ હોવું જોઇએ.

યોગ અને ભોગ સાથે રહી શકતા નથી, કારણ યોગી થનારને ભોગ છોડવો જ પડે છે. તેમ ભોગીઓ યોગની સાધના કરી જ શકતા નથી, માટે આત્મા સાથે યોગ સાધવાની જેને ઇચ્છા હોય છે તેઓ ભોગની ઇચ્છાને દૂરથી જ ફગાવી દે છે. તેમજ રામ અને કામ બંને સાથે રહી શકતા નથી. જેને આત્મારામ સાથે મેળ સાધવો હોય તેણે કામ એટલે ભોગેચ્છાનો ત્યાગ કરવો જ જોઇએ. એટલે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો

## [ લેખાંક ૫ : ચોત્રીશ અતિશયો ]

શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

પવયણસારુદ્ધાર—( ગા. ૪૪૧-૪૫૦ )માં ચોત્રીશ અતિશયોના નીચે મુજબનાં નામ એના સહજ, કર્મક્ષયજ અને દેવકૃત એવા ત્રણ વિભાગ પાડીને અને એ પ્રત્યેકની સંખ્યા અનુક્રમે ૪, ૧૧ અને ૧૯ ગણાવી રજૂ કરાયાં છે.

**ચાર સહજ અતિશયો**-( ૧ ) મેલ, રોગ અને પરસેવા રહિત શરીર, ( ૨ ) શ્વેત માંસ અને શ્વેત લોહી, ( ૩ ) આહાર અને નીહારની અદૃશ્યતા અને ( ૪ ) સુગંધી શ્વાસ.

**કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા અગિયાર અતિશયો**—( ૫ ) એક યોજન જેટલા ક્ષેત્રમાં ત્રણે જગતના જીવો ઘણાં હોવા છતાં સમાય છે.

( ૬ ) મનુષ્યો, તિર્યંચો અને દેવોને ( પ્રભુની ) વાણી પોતપોતાની ભાષામાં ધર્માવબોધક બને છે.

( ૭ ) પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો નાશ પામે છે.

( ૮ ) વેર હોતા નથી.

( ૯-૧૪ ) દુકાળ, વિપ્લવ, દુષ્ટ મારિ, ઇતિ, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ ( એ ૭ ) હોતાં નથી.

( ૧૫ ) અનેક સૂર્યને જીતનારો એવો ભામંડલનો પ્રકાશ પ્રસરે છે.

**દેવકૃત ઓગણીસ અતિશયો**—( ૧૬ ) પાદપીઠ સહિત મણિનું બનાવેલું સિંહાસન.

( ૧૭ ) ત્રણ છત્રો. ( ૧૮ ) ઇન્દ્રધ્વજ.

( ૧૯ ) શ્વેત ચામર. ( ૨૦ ) ધર્મચક્ર.

---

એમાંથી કોઈપણ એકની જ સાધના એકી વખતે કરી શકાય છે. એકના અભાવે જ બીજાનો સદ્ભાવ હોય છે.

કોઈ એવી શંકા કરે કે આપણે તો સંસારી માણસો રહ્યાં. આપણે ભોગને સર્વથા તો છોડી શકતા નથી. ત્યારે ભોગ સાથે જ યોગ સાધીએ તો એમાં હરકત શું છે! પણ એ કલ્પના સર્વથા ભ્રામક છે. આપણે હંમેશા જોઈએ અને અનુભવીએ છીએ કે આપણે જ્યારે પૂજા, સામાયિક આદિ ધર્મક્રિયાઓ કરતા હોઈએ છીએ ત્યારે હજારો ભોગના કાર્યોનું સ્મરણ આપણને થઈ આવે છે અને એ આપણી ભોગ ધર્મક્રિયા ભોગ-મિશ્રિત બની જાય છે. કોઈ તરફથી ઉધાર રકમ આવવાની હોય છે, વકીલને મળવાનો ટાઈમ અપાયેલો છે, છોકરાઓના સગપણ જોડવાના હોય છે, ડોક્ટરને બોલાવવાનું હોય છે, કોઈ વેપારી સાથે સોદો નક્કી કરવાનો હોય છે, બજારમાંથી અમુક ખરીદી કરી આવવાનું હોય છે વિગેરે અનંત કામો નજર સામે તરવરી આવે છે અને આપણી અમૃત ક્રિયા વિષમિશ્રિત થઈ જાય છે, એમાં યોગ સાધના નથી તેમ ભોગ પણ સાધના નથી. ઊલટા ધર્મક્રિયાના દોષો આગળ આવી આપણે પાપના ભાગી થઈ જઈએ છીએ. ત્યારે આપણે કરવું શું?

આપણે સંસારમાં રચ્યાપચ્યા હોઈએ તો પણ આપણું મુખ્ય ધ્યેય અને સાધ્યબિંદુ જો આત્મસાધના જ હોય તો તેમાંથી પણ કાંઈક આશ્વાસન મળવાનો સંભવ રહે છે. જેમ ધાવમાતા પોતાની શેઠાણીના બાળકને રમાડે છે, તેને લાડ લડાવે છે, તેને હુલરાવે છે, તેની નિદ્રા અને વૃત્તિ સંસારની ભોગેચ્છા તરફ હોવી જોઈએ. ભોગ ભોગવતા છતાં મનમાં તેના માટે ડંખ હોય, દુઃખ હોય, અભાવ હોય અને પોતાની અશક્તિ કે નાલાયકીને લીધે તેનું સેવન કરવું પડે છે એવી અંતઃકરણની વૃત્તિ હોય, તો જ કાલાંતરે પણ યોગસાધના તરફ વૃત્તિ જવાનો સંભવ છે, અન્યથા નહીં.

બધાઓને શ્રેયસ તરફ સદ્ભાવ જાગે અને પ્રેયસ તરફ અભાવ જાગે એ જ ભાવનાથી વિરમું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકાશમાં રહેલાં આ પાંચે જગદ્ગુરુની સાથે વિચરે છે.

( ૨૧ ) અશોક(વૃક્ષ)નો પ્રાદુર્ભાવ થાય છે અને એ પ્રભુ જ્યાં હોય ત્યાં રહે છે.

( ૨૨ ) ચાર મુખવાળી મૂર્તિ.

( ૨૩ ) મણિ, સુવર્ણ અને રૂપાનાં ( અનુક્રમે ) ત્રણ ગઢ.

( ૨૪ ) સુવર્ણનાં નવ કમળો.

( ૨૫ ) કાંટા અધોમુખવાળા બને છે.

( ૨૬ ) કેશ, રુવાંટી અને નખ સદાયે અવસ્થિત રહે છે.

( ૨૭ ) ઇન્દ્રિયોના પાંચે વિષયો હૃદયંગમ હોય છે.

( ૨૮ ) છએ ઋતુઓ મનોરમ રહે છે.

( ૨૯ ) ગન્ધોદકની વૃષ્ટિ.

( ૩૦ ) પાંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ.

( ૩૧ ) ( ચાષ, મોર વગેરે ) પક્ષીઓ પ્રદક્ષિણા કરે છે.

( ૩૨ ) પવન પણ પ્રભુને અનુકૂળ વાય છે.

( ૩૩ ) વૃક્ષો નમન કરે છે.

( ૩૪ ) ગંભીર અવાજવાળી દુન્દુભિઓ વાગે છે.

ઉપર્યુક્ત **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ( પત્ર ૧૦૮ અ-૧૦૯ આ )માં આ અતિશયોનું સ્પષ્ટીકરણ છે. એમાં જે બાબતો નોંધપાત્ર જણાય છે તે હું અતિશયના ક્રમાંકપૂર્વક દર્શાવું છું :-

૧. ઉપલક્ષણથી અલૌકિક રૂપ, ગન્ધ અને રસ સમજવાનાં છે.

૨. માંસ તેમજ લોહી પણ ગાયના દૂધ જેવા શ્વેત અને દુર્ગંધ વિનાના હોય છે.

૩. ( આહાર અને નિહાર એ ) માંસ લોચનવાળાને અદૃશ્ય હોય છે, નહિ કે અવધિજ્ઞાન વગેરે રૂપ નેત્રવાળાને.

૪. વિકસ્વર કમળના જેવો સુગંધી.

અગિયાર અતિશયો જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિકર્મના ક્ષયથી થાય છે.

૫. સમવસરણમાં જીવો પરસ્પર બાધ ન આવે એવી રીતે સમાય છે.

૭. પ્રભુની યોજનવ્યાપિની વાણી એક જ રૂપે હોવા છતાં મેઘમાંથી પડેલા જળની જેમ જીવોના આશય અનુસાર પરિણમે છે. દેવોને દેવોની ભાષારૂપે, તિર્યંચોને તિર્યંચોની અને શબરને શબરની ભાષારૂપે પરિણમે છે. આ પ્રકારનો અદ્ભુત અતિશય ન હોય તો સમકાળે અનેક જીવો ઉપર ઉપકાર થઇ શકે નહિ.

૮. જ્વરનો અને અરોચકનો રોગ તરીકે ઉલ્લેખ છે.

૯. જે રોગ ન થયા હોય તે થાય નહિ.

૧૦. સ્વચક્રે અને પરચક્રે કરેલો વિપ્લવ.

૧૧. દુષ્ટ દેવતાદિએ કરેલું અને વ્યાપક મરણ તે 'દુર્મારિ' છે.

ઇતિ એટલે ધાન્યાદિનો નાશ કરનારા પુષ્કળ તીડ, પોપટ, ઉંદર વગેરે.

જ્યાં જ્યાં પ્રભુ વિચરે ત્યાં ત્યાં ચારે દિશામાં પચ્ચીસ પચ્ચીસ યોજન સુધી આ રોગ વગેરે હોય નહિ,* આ સંબંધમાં **સમવાય**ની તેમજ ઠાણ-(ઠાણ ૧૦)ની ટીકાની સાક્ષી અપાઇ છે. એ ટીકામાં કહ્યું છે કે ભગવાન **મહાવીર**ના પ્રભાવથી સો યોજન સુધીમાંના વેર, મારિ, વિડ્વર, દુર્ભિક્ષ વગેરે ઉપદ્રવ વગેરે શમી ગયા છે.

૧૫. સૂર્ય બાર ગણાવાયા છે.+

૧૬. સિંહાસન આકાશના જેવું અત્યંત સ્વચ્છ હોય છે અને એ સ્ફટિક મણિનું હોય છે.

૧૮. તીર્થંકરની આગળ હજારો નાની પતાકાઓથી શોભતો, ઊંચો, અપ્રતિમ રત્નનો બનેલો,

*** આ સતમાથી બારમા અતિશયોનો પ્રભાવ છે.**

**+ વૈદિક હિન્દુઓના મતે બાર આદિત્યો છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજા ધ્વજો કરતાં અતિશય મહત્ત્વવાળો અથવા ઇન્દ્રિત્વને સૂચવતો ઇન્દ્રધ્વજ હોય છે.

૧૯. પ્રભુની બંને બાજુએ યક્ષના હાથમાં રહેલાં બે ચામરો હોય છે.

૨૦. સ્ફુરાયમાણ કિરણવાળું અને ધર્મનો પ્રકાશ કરનારું એવું ધર્મચક્ર યક્ષમાં રહેલું હોય છે.

૨૧. વિચિત્ર પત્ર, પુષ્પ, પલ્લવ, ઇચ્છિવા યોગ્ય છત્ર, ધ્વજ, ઘંટ, પતાકા ઇત્યાદિથી અશોક વૃક્ષ વીંટળાયેલું હોય છે.

૨૨. પૂર્વ દિશા તરફ મુખ રાખીને ભગવાન જાતે બેસે છે, જ્યારે બાકીની ત્રણ દિશામાં તીર્થંકરના જેવી આકૃતિવાળા પ્રતિરૂપકો એમના જ પ્રભાવથી દેવો રચે છે અને એ સિંહાસનાદિથી યુક્ત હોય છે. આને લઇને અન્ય દેવોને એમ લાગે છે કે એઓ અમને કહે છે.

૨૩. સૌથી અંદરનો ગઢ વૈમાનિકો, મધ્યનો જ્યોતિષ્કો અને સૌથી બહારનો ભવનપતિ દેવો રચે છે.

૨૪. કમળો માખણના જેવાં સ્પર્શવાળાં હોય છે. એમાંનાં બે ઉપર ભગવાન પોતાનાં ચરણકમળ મૂકીને વિચરે છે; જ્યારે બાકીનાં સાત કમળો એમની પાછળ રહે છે. એમાંનાં જે જે કમળ પાછળ હોય તે, ચરણ-કમળ મૂકતા તીર્થંકરની આગળ આવે છે.

૨૫. જ્યાં જ્યાં ભગવાન વિચરે ત્યાં ત્યાં કાંટાઓ અધોમુખ બને છે.

૨૭ સંવર્તક વાયુ એક યોજન સુધી ભૂમિ સાફ કરે છે.

**સમવાયમાં** અતિશયો બાબત મતાંતર જોવાય છે. મતાંતરનાં બીજો, સર્વજ્ઞથી જાણવાં.

**અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૫૭-૬૪)માં ૩૪ અતિશયો વર્ગીકરણપૂર્વક નીચે પ્રમાણે અપાયાં છે:-

**ચાર સહજ અતિશયો**—(૧) અદ્ભુત રૂપ અને સુગંધવાળું, રોગ રહિત તેમજ પ્રસ્વેદ અને મળથી મુક્ત શરીર.

(૨) કમળના જેવી સુવાસવાળો શ્વાસ.

(૩) ગાયના દૂધ જેવાં શ્વેત અને દુર્ગંધ વિનાનાં લોહી અને માંસ.

(૪) આહાર અને નીહારની અદૃશ્ય વિધિ.

**કર્મના નાશથી ઉદ્ભવેલા અગિયાર અતિશયો**—(૫) એક યોજન જેટલા ક્ષેત્રમાં પણ કોટાકોટિ મનુષ્ય, દેવ અને તિર્યંચ સમાય.

(૬) પ્રભુની વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવની વાણી સાથે સંવાદવાળી (અર્થાત્ એમની ભાષામાં પરિણમતી) હોય છે અને એ એક યોજન સુધી સંભળાય છે.

(૭) મસ્તકની પાછળ મનોહર અને સૂર્યમંડળને પરાસ્ત કરનારું ભામંડળ હોય છે.

(૮-૧૫) બસે ગાઉ કરતાં વધારે પ્રદેશમાં રોગ, વેર, ઇતિ, મારિ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ તેમજ સ્વચક્રનો અને પરચક્રનો ભય હોતાં નથી.

**દેવકૃત ઓગણીસ અતિશયો**—(૧૬) આકાશમાં ધર્મચક્ર હોય છે.

(૧૭) આકાશમાં ચામરો હોય છે.

(૧૮) આકાશમાં પાદપીઠ સહિત ઉજ્જવળ સિંહાસન હોય છે.

(૧૯) આકાશમાં ત્રણ છત્રો હોય છે.

(૨૦) આકાશમાં રત્નમય ધ્વજ હોય છે.

(૨૧) પ્રભુ ચરણ મૂકે ત્યાં સુવર્ણકમળો સ્થપાય છે.

(૨૨) (સમવસરણમાં) મનોહર ત્રણ ગઢ હોય છે.

(૨૩) મનોરમ ચાર મુખ હોય છે.

(૨૪) 'ચૈત્ય' વૃક્ષ હોય છે.

(૨૫) કાંટાઓ નીચા મુખવાળા (ઊંધા) બને છે

(૨૬) વૃક્ષો નમન કરે છે.

(૨૭) દુન્દુભિનો મોટેથી અવાજ થાય છે.

(૨૮) પવન અનુકૂળ હોય છે.

(૨૯) પક્ષીઓ પ્રદક્ષિણા કરે છે.

(૩૦) ગન્ધોદકની વૃષ્ટિ થાય છે.

(૩૧) અનેક વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ થાય છે.

(૩૨) કેશ, દાઢી અને મૂછના વાળ તેમજ નખ વધતાં નથી.

(૩૩) ચારે પ્રકારના ઓછામાં ઓછા એક કરોડ દેવ પ્રભુ પાસે રહે છે.

(૩૪) ઋતુઓની અનુકૂળતા રહે છે તેમજ ઇન્દ્રિયોના વિષયો અનુકૂળ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

**અભિધાનચિન્તામણિની** સ્વોપજ્ઞ નિવૃત્તિ-(પૃ. ૧૯–૨૧)માં આ અતિશયોનું સ્પષ્ટીકરણ અપાયું છે. તેમાંથી હું નીચે મુજબની બાબતો અતિશયના ક્રમાંકપૂર્વક દર્શાવું છું:—

૪ માંસનેત્રવાળાને અદૃશ્ય, નહિ કે અવધિ વગેરે નેત્રવાળા પુરુષોને.

"जगतोऽप्यतिशेरते तीर्थंकरा एभिरित्यतिशयाः" એમ અતિશયની વ્યુત્પત્તિ દર્શાવાઈ છે.

૬. ભાષા અર્ધમાગધી હોય છે.

૯. 'અગ્ર' એટલે 'અધિક' અહીં અધિકથી પચીસ યોજન એવો અર્થ કરાયો છે. અને ૨૦૦ ગાઉ એટલે સો યોજન એમ અર્થ કરાયો છે. આથી સવા સો યોજન એવો અર્થ ફલિત થાય છે.

૧૦. ઇતિ એટલે ધાન્યાદિને ઉપદ્રવ કરનારા પુષ્કળ ઉંદરો વગેરે.

૧૧. મારિ એટલે ઔત્પાતિક અને સર્વવ્યાપી મૃત્યુ.

જ્ઞાનાવરણાદિ આદિ આરે ઘાતી-કર્મના ક્ષયથી અગિયાર અતિશયો ઉદ્ભવે છે.

૨૪. 'ચૈત્ય' નામનું વૃક્ષ એટલે કે અશોક વૃક્ષ.

૩૧. પુષ્પોની વૃષ્ટિ ઢીંચણ પર્યન્તની હોય છે.

આ અતિશયો જુદી રીતે પણ ગણાયા છે. તે મતાંતર છે.

## આરોગ્ય ભુવનનું ખાતમુહૂર્ત

ભાવનગરમાં **શ્રી** દાદાસાહેબ જિનાલયની બાજુની વિશાળ જગ્યામાં 'આરોગ્ય ભુવન' બનાવવા માટે વિચારણા ચાલતી હતી તેને શેઠશ્રી હીરાલાલ અમૃતલાલભાઈના સહકારથી સક્રિય સ્વરૂપ મળ્યું છે. શેઠશ્રી આપણી સભાના પેટ્રન છે તેમજ ઉદાર દિલના ગૃહસ્થ છે.

પોતાના પિતાના સ્મરણાર્થે 'અમૃત નિવાસ' અને માતુશ્રીના સ્મરણાર્થે 'જડાવ નિવાસ' એમ બે આરોગ્ય ભુવનનું ખાતમુહૂર્ત શેઠશ્રીના સુપુત્ર વસંતભાઈના શુભ હસ્તે તા. ૨૯–૨–૬૦ સં. ૨૦૧૬ના ફાગણ શુદ ત્રીજ ને સોમવારના રોજ પ્રાતઃકાળે કરાવવામાં આવ્યું હતું, જે સમયે સંઘના આગેવાન ગૃહસ્થો વિગેરેની ઉપસ્થિતિ સારી હતી.

## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી ભાઈશ્રી પ્રેમચંદ હરિચંદ ફાગણ શુદ ૯ ને સોમવારના રોજ સત્તાવન વર્ષની ઉંમરે, ટુંક માંદગી ભોગવી સ્વર્ગવાસી થયેલ છે. તેઓ સ્વભાવે હસમુખા અને મિલનસાર હતા. આપણી સભાના વર્ષોથી વાર્ષિક સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાન્તિ ઈચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો.
મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only